"अन्नं ब्रह्मा रसो विष्णुः पक्ता देवो महेश्वरः।
एवं ज्ञात्वा तु यो भुङ्क्ते अन्नदोषो न लिप्यते ।।"

માનનીય અધ્યક્ષશ્રી,

- કોરોના સમયથી સામાન્ય થી સમૃદ્ધ સુધીને સહાય માટે અનાજ આપવામાં આવ્યું
- હાલે પણ ગરીબને અનાજ અપાય છે તે અનાજ રાખવા ગોડાઉન નિ જરૂરિયાત ઉભી થાય છે.
- "પ્રધાનમંત્રી ઉજ્જ્વલા યોજના" તથા રાજ્ય સરકારની " પીએનજી / એલપીજી સહાય યોજના " ના અંદાજે ૩૮ લાખથી વધુ લાભાર્થીઓને ઘરગથ્થુ વપરાશ માટે વર્ષમાં બે વખત વિનામૂલ્યે ગેસ સિલિન્ડર રિફિલિંગકરી આપવા રૂ.૫૦૦ કરોડની જોગવાઈ.
- NFSA લાભાર્થી કુટુંબોને ખાધતેલ રાહત દરે આપવા માટે રૂ.૧૬૦ કરોડની જોગવાઈ.
- શ્રીઅન્ન (મિલેટ) ના વપરાશને પ્રોત્સાહન આપવા બાજરી / જુવાર / રાગી (નાગલી) ની ખરીદી પર ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળી રહે તે હેતુથી ખેડૂતોને લઘુતમ ટેકાના ભાવ ઉપરાંત રૂ ૩૦૦ પ્રતિ કિવન્ટલ પ્રોત્સાહક બોનસ ચુકવવા રૂ ૩૭ કરોડની જોગવાઈ.
- સૂક્ષ્મ પોષકતત્વો યુકત ડબલ ફોર્ટિફાઇડ મીઠા ( આર્યન + આયોડિનયુક્ત) ના વિતરણ માટે રૂ ૫૧ કરોડની જોગવાઈ.
- નાગરિક પુરવઠા નિગમ હસ્તકના ગોડાઉન બાંધકામ / આધુનિકીકરણની કામગીરી માટે રૂ ૨૫ કરોડની જોગવાઈ.

આવશ્યક ચીજવસ્તુઓની ખરીદી, સંગ્રહ અને જાહેર વિતરણ વ્યવસ્થાનાં વિતરણના કામો માટે ગુજરાત રાજ્ય નાગરિક પૂરવઠા નિગમ, ગાંધીનગર હસ્તક ગોડાઉન કેન્દ્રો આવેલ છે. હાલમાં નિગમ પાસે ૫.૪૮ લાખ મે.ટન સંગ્રહશક્તિ ધરાવતા કુલ ૬૬૬ ગોડાઉન સમગ્ર રાજ્યમાં આવેલ છે. જેમાંથી, ૫.૩૯ લાખ મે.ટન સંગ્રહશક્તિ ધરાવતા પોતાની માલિકીના કુલ ૬૫૪ ગોડાઉનો છે તથા ૮ હજાર મે.ટન સંગ્રહશક્તિ ધરાવતા ભાડાના કુલ ૧૨ ગોડાઉનો આવેલ છે.

વધુમાં, જાહેર વિતરણ વ્યવસ્થાની પ્રવૃત્તિ માટે વધુ સંગ્રહ ક્ષમતાની જરૂર જણાતા ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા ની લી. માલિકીના કુલ ૫.૩૯ મે.ટન સંગ્રહશક્તિના પૈકી ૨.૦૬ લાખ મે.ટન સંગ્રહશક્તિ ધરાવતા ૧૦૨ ગોડાઉનો નવીન સરકારી જમીન મેળવી અદ્યતન વૈજ્ઞાનિક ઢબના બનાવવામાં આવેલ છે.

વધુમાં, પંચમહાલ જીલ્લાનાં જાંબુઘોડા ખાતે ૨૦૦૦ મે.ટન, ભાવનગર જીલ્લાના વલ્લભીપુર ખાતે ૨૦૦૦ મે.ટન અને જામનગર જીલ્લાના જોડિયા ખાતે ૨૦૦૦ મે.ટનનાં આમ કુલ ૩ નવા ગોડાઉનના બાંધકામની કામગીરી પ્રગતિ હેઠળ છે.

## મોર્ડનાઈઝેશન અને અપગ્રેડેશન ઓફ ગોડાઉન યોજના :

◦ ગોડાઉનમાં ઉપલબ્ધ જથ્થાનો યોગ્ય સંગ્રહ અને સુરક્ષા સુનિશ્ચિત કરી જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ લાભાર્થીઓ સુધી અનાજનો જથ્થો સમયસરપહોંચાડી શકાય તે માટે ગોડાઉનમાં નાની-મોટી રીપેરીંગ કામગીરી કરવી અનિવાર્ય હોઈ, વિભાગ હેઠળ ગુજરાત રાજ્ય નાગરિક પુરાવઠા નિગમ લી. ના જુના હયાત ગોડાઉનોમાં મોર્ડનાઈઝેશન અને અપગ્રેડેશનની કામગીરી અન્વયે ગોડાઉનોની જૂની સીમેન્ટ શીટ બદલવી તથા પાઉડર કોટેડ એમ.એસ પ્રોફાઇલ

શીટ નાખવા, રોલીંગ શટર્સ નાખવા, ટર્બોવેન્ટીલેટર નાખવા, સી.સીફ્લોરીંગ, નવુ ઈલેક્ટ્રીફીકેશન, પ્લીન્થ પ્રોટેકશન અને કલર કામનો સમાવેશ કરવામાં આવેલ છે.

◦ આ ઉપરાંત, સરકારી ગોડાઉન કેન્દ્રો ખાતે કોમ્પ્યુટરાઈઝવે-બ્રીજ અને C.C.T.V. મોનીટરીંગની કામગીરી માટે જુના થઈ ગયેલ ઈલેક્ટ્રીકલ વાયરીંગને બદલે નવું ઈલેક્ટ્રીફિકેશનની કામગીરી હાથ ધરવા માટે માર્ગ અને મકાન વિભાગ (વિદ્યુત)ના પરામર્શમાં કામગીરી હાથ ધરવામાં આવેલ છે. આ યોજના માટે નાણાંકીય વર્ષ૨૦૨૩-૨૪માં કરેલ બજેટ જોગવાઈ માં રૂ.૨.૦૦ કરોડનો વધારો કરી રૂ.૩.૫૦ કરોડની બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે.

◦ જ્યારે બાકીના ગોડાઉનો પૈકી ૧.૯૦ લાખ સંગ્રહશક્તિ ધરાવતા ૩૮૦ ગોડાઉનના મોર્ડનાઈઝેશન અને અપગ્રેશનની કામગીરી નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ સુધી ના બાર્ડ ના પ્રોજેક્ટ અન્વયે પૂર્ણ કરવામાં આવેલ છે.